# ભજન:૫

## ગંગા સતીનું ભજન

ભક્તિ રે કરવી તેને રાંક થઇને રહેવું ને
મેલવું મનનું અભિમાન રે.....
સદગુરુ ચરણમાં શિશ નમાવી ને
કરજોડી લાગવુ પાય રે........
જાતિપણું છોડીને થાવુ રે અજાતિ રે
કાઢવો વર્ણ વિકાર રે.......
જાતિ ને ભાતી નહિં...હરિ કેરા દેશમાં રે...૨
નિર્માણ થાય રે નિરધાર રે....
દોષ અને અવગુણ જોવે નહિ કોઇના જે
એને કહીએ હરિના દાસ રે......
આશાને તૃષ્ણા...એકે નહિ ઉરમાં...૨
એવો રે હોય વિશ્ર્વાસ રે......
ભક્તિ કરો તો એવી રીતે કરજો કે
રાખજો વચનમાં વિશ્ર્વાસ રે....
ગંગાસતી એમ...બોલ્યા રે એના...૨
જનમ સફળ થઇ જાય રે....